જા. નં. બગત/બ-૯/૯૨-૧૬ / ૬૩૨૯૫ /૧૬

ગુજરાત હોર્ટીકલ્ચર મિશન,

બાગાયત નિયામકની કચેરી,

સેકટર-૧૦ એ, કૃષિ ભવન, ગાંધીનગર.

તા: ૧ / ૦૮/૨૦૧૬

1 SEP 2016

વિષય : ગુજરાત હોર્ટીકલ્ચર મિશન હેઠળ, અગીયારમી ડાયરેકટર લેવલ કમીટીની બેઠકની કાર્યવાહી નોંધ બાબત.

સાદર રજુ,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન હેઠળ અગીયારમી ડાયરેકટર લેવલ કમીટીની બેઠક તા:૨૨/૦૮/૨૦૧૬ ના રોજ ૧૬:૦૦ કલાકે ચેરમેનશ્રી અને બાગાયત નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને બાગાયત નિયામકશ્રીની કચેરી, કૃષિભવન, ગાંધીનગર ખાતે મળેલ હતી.

જેની કાર્યવાહી નોંધ આ સાથે તૈયાર કરી સામેલ રાખી સાદર કરેલ છે. જેની મંજૂરી આપવા વિનંતી છે.

સામેલ: બેઠકની કાર્યવાહી નોંધ

સંયુકત બાગાયત નિયામક

ગુજરાત હોર્ટીકલ્ચર મિશન

ગાંધીનગર

બાગાયત નિયામક

ગુ. રા., ગાંધીનગર

તા. ૨૨/૦૮/૨૦૧૬ ના રોજ ૧૬:૦૦ કલાકે યોજાયેલ ગુજરાત હોર્ટીકલ્ચર મિશનની અગીયારમી ડાયરેકટર લેવલ કમિટિની બેઠકની કાર્યવાહી નોંધ.

ગુજરાત હોર્ટીકલ્ચર મિશનની અગીયારમી ડાયરેકટર લેવલ બેઠક માન.બાગાયત નિયામકશ્રી અને ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસરશ્રી, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન, ગાંધીનગર ની અધ્યક્ષતામાં મળી જેમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(૧) ડૉ. આર. એ. શેરસિયા, બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર, અધ્યક્ષશ્રી

(૨) ડૉ. એ. બી. પટેલ, સંયુક્ત બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર

(૩) ડૉ. એસ. એસ. ગાંવિત, સંયુક્ત બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર

(૪) શ્રી. સી. એમ. પટેલ, સંયુક્ત બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર

(૫) ડૉ. ડી. પી. ઠાકોર, સંયુક્ત બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર

(૬) ડો. ફારૂક પંજ, નાયબ બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર, સભ્ય સચિવ

બેઠકની શરૂઆત તમામ સભ્યોને આવકારી એજન્ડા મુજબ ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી.

**એજન્ડા ૧૧.૧: દશમી ડાયરેક્ટર લેવલ કમિટીની કાર્યવાહી નોંધને બહાલી આપવા સારૂં**

તા.૧૦/૦૩/૨૦૧૬ ના રોજ દશમી ડાયરેક્ટર લેવલ કમિટી યોજાયેલ હતી. જેની કાર્યવાહી નોંધ બહાલી અર્થે રજુ કરવામાં આવી.

ઠરાવ: સમિતીએ કાર્યવાહી નોંધને બહાલી આપી.

**એજન્ડા ૧૧.૨: દશમી ડાયરેકટર લેવલ કમિટીની બેઠકમાં લેવાયેલ નિર્ણયો ઉપર થયેલ કાર્યવાહીના અહેવાલ બાબત**

ઠરાવ: સમિતીએ દશમી ડાયરેકટર લેવલ કમિટીના નિર્ણય અન્વયે થયેલ કાર્યવાહીને બહાલી આપી

**એજન્ડા ૧૧.3: ઓનફાર્મ પેકહાઉસના પ્રોજેકટો મંજુર કરવા બાબત.**

ગુજરાત હોર્ટીક્લ્ચર મિશન અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ માં મંજુર થયેલ અને સહાય ચુકવવાની બાકી હોય તેવા પેક હાઉસની સંખ્યા -૩૬૫ હતી. જેમાંથી ચાલુ વર્ષે ૧૧૭ પેક હાઉસને સહાય ચુકવેલ છે અને સહાય ચુકવાવાના બાકી હોય તેવા પેક હાઉસની સંખ્યા- ૨૪૮ છે. ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ માં બચત લક્ષ્યાંક-૮૩ નો છે. જે ગત વર્ષના મંજુર થયેલ અને બાકી એવા ૨૪૮ પેક હાઉસમાંથી કેટલા પેક હાઉસ પૂર્ણ થયેલ છે અને કેટલા પેકહાઉસ પૂર્ણ કરવાની મુદ્દત પૂરી થયેલ